અછતની પરિસ્થિતિમાં ગુનાઓનું પ્રમાણ વધતું અટકાવવાની તકેદારી રાખવા બાબત...

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પરચ-૨૯૮૨-૯૬૭૪-ડ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ- -૧૦-૧૯૮૨.
19 OCT 1982

ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા અને ઓછો વરસાદ પડવાના કારણસર રાજ્યમાં અછત પરિસ્થિતિ પ્રવર્તે છે. અછત પરિસ્થિતિમાં રોજી રોટી પ્રશ્ન પણ વિકટ હોવાથી રાજ્યમાં ચોરી, ઘરફોડ જેવા ગુન્હાઓ વધવાની શકયતા છે. જ્યારે જ્યારે અછત પરિસ્થિતિ થાય ત્યારે પોલીસ તંત્રે સજાગ રહી ચોરી, ઘરફોડ અને લૂંટ વગેરે ગુન્હા ન બને તે કાળજી રાખવાની રહે. હાલમાં રાજ્યમાં ૧૪ જિલ્લાઓમાં અછત જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. આ સંજોગોમાં અસરગ્રસ્ત જીલ્લાઓમાં પ્રજાને અને ખેડૂતોના પાકને રક્ષણ મળી રહે તે હેતુસર ગ્રામ રક્ષક દળ, ગૃહ રક્ષક દળ, ઘોડેસ્વાર પોલીસની સેવા લઈને અસરગ્રસ્ત જીલ્લાઓમાં ચોરી, ઘરફોડ, લૂંટ વગેરે બનાવો ન બને તે માટે યોગ્ય પ્રબંધ કરવા વિનંતી છે.

( મ.તે. પરમાર )
ઉપ સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રત,

(૧) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૨) સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ/ સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ

(૩) મહેસૂલ વિભાગ ''સ્કેરસીટી બ્રાંચ ''

(૪) કૃષિ અને વન વિભાગ.

એ૬/૧૩૧૦૮૨.